**જમાઅતના પ્રત્યેક વ્યકિતએ યાદ રાખવુ જોઈએ કે ખુદાતઆલા તમારી સેવાઓનો અભિલાષી નથી. તમારી મદદોનો અભિલાષી નથી ન તો તમારી કુરબાનીઓનો અભિલાષી છે જ્યારે તેણે આ સિલસિલાને સ્થાપિત કર્યો છે તો તેને ચલાવવાની વ્યવસ્થા પણ તે જ કરનાર છે તમને જે સેવાઓનો અવસર મળે છે તેને અલ્લાહનો ફઝલ સમજીને કરો.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૦૮-જાન્યુઆરી-૨૦૧૬, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતૂલ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને એક ઈલ્હામ થયો કે મેરે સિવા કોઈ મઅબુદ નહી પસ તુ મુઝે હી અપના કારસાઝ બના. આમ આ ઈલ્હામમાં અલ્લાહતઆલાએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને આ પણ તસ્લ્લી આપી કે તારે કોઈ બીજા તરફ જોવાની જરૂર નથી તારા બધા કાર્યો ઠીક કરવાવાળો હું છુ તારા કાર્યોને ચલાવનાર હું છુ હું જ તે તમામ કાર્યોની નિગરાની કરનાર છુ અને હું જ તે કાર્યો માટે સહાયતા પ્રાપ્ત કરાવનાર છું જ્યારે તે મને પોતાનો મઅબુદ બનાવી લીધો અને જ્યારે મે તને ધર્મના પ્રચાર પ્રસાર માટે ઉભો કર્યો તો પછી કોઈ પરેશાનીની જરૂર નથી હુ જ તારા તમામ કાર્યો ઠીક કરવાની તાકાત રાખુ છુ અને ઠીક કરીશ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ પણ આની ટુંકમાં સ્પષ્ટતા કરી છે કે અર્થાત હું જ છુ કે પ્રત્યેક કાર્યમાં કામ સુધારક છું. અલ્લાહતઆલા ફરમાવે છે કે તુ મનેજ વકીલ અર્થાત કાર્ય સુધારનાર સમજી લે અને બીજાનું પોતાના કામમાં કોઈપણ દખલ ન સમજીસ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે ઈલ્હામથી મને ખોફ પૈદા થયો અને મારુ દિલ ધ્રુજી ઉઠ્યુ કે કદાચ અલ્લાહતઆલાની દ્રષ્ટિમાં મારી જમાઅત એટલી યોગ્ય નથી કે ખુદાતઆલા તેનુ નામ પણ લે આપે જમાઅતને ધ્યાન અપાવ્યું કે આ ઈલ્હામ એવો છે કે જમાઅતના પ્રત્યેક વ્યકિતએ યાદ રાખવું જોઈએ કે ખુદાતઆલા તમારી સેવાઓનો અભિલાષી નથી. તમારી મદદોનો અભિલાષી નથી ન તો તમારી કુરબાનીઓનો અભિલાષી છે. જ્યારે તેણે આ સિલસિલાને સ્થાપિત કર્યો છે તો તેને ચલાવવાની વ્યવસ્થા પણ તે જ કરનાર છે. તમને જે સેવાનો અવસર મળે છે તેને અલ્લાહનો ફઝલ સમજીને કરો. આપની આ વાતને જમાઅતના લોકોએ સમજી અને અલ્લાહતઆલાના ફઝલોને આકર્ષવા માટે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના મિશન પૂર્તિ માટે દરેક પ્રકારની કુરબાની કરવા માટે તૈયાર થયા. અલ્લાહતઆલાની સહાયતાના દ્રશ્યો આપણે આજે પણ જોઈ રહ્યાં છે. ખુદાતઆલા અહેમદીઓના દિલોમાં કુરબાનીની અહેમીયત નાખે છે અને તે અસાધારણ નમૂના પણ દેખાડે છે. જમાઅતમાં વસિયતનું એક નિઝામ છે, ચંદાઆમનું નિઝામ છે તથા અનેક પ્રસ્તાવ થતા રહે છે અને લોકો તેમાં કુરબાનીની અસાધારણ મિસાલો કાયમ કરે છે બે તહેરીકાત તો કાયમી તહેરીકાત છે અર્થાત તહેરીકે જદીદ અને વકફે જદીદ. જમાઅતના લોકો જાણે છે કે પાકિસ્તાનમાં જ્યારે તહેરીક કરવામાં આવી તો ગ્રામીણ અને દૂર આવેલ ઈલાકાઓમાં શિક્ષણ આપવા બદલ અને પ્રચાર પ્રસારના કામોમાં તેજી પૈદા કરવા માટે વકફે જદીદને સ્થાપિત કરવામાં આવી હતી. પછી જ્યારે આ સમગ્ર દુનિયા માટે બનાવી દીધી તો પણ તેનો ખાસ ઉદ્દેશ હતો કદાચ કોઈના મગજમાં પણ આ પ્રશ્ન આવે કેટલી બધી તહેરીકો છે તેનો શું ઉદ્દેશ છે તો એ વિશે હું ટુંકમાં સ્પષ્ટતા કરી દઉં કે વકફે જદીદ ખાસ દેશો અને ખાસ

ઈલાકાઓ માટે છે અર્થાત તેનો ખર્ચ. પશ્ચિમી અને ધનિક દેશોથી વકફે જદીદ વિભાગમાં જે ચંદો આવે છે તે ભારત અને આફ્રિકાના ગ્રામીણ ઈલાકાઓમાં મોટે ભાગે ખર્ચ થાય છે બલ્કે હઝરત ચૌથા ખલિફાએ જ્યારે આ તહેરીક સમગ્ર માટે બનાવી હતી તો ધનિક દેશોમાં વકફે જદીદને જારી કરવાનો હેતુ એજ હતો કે ભારત અને કાદિયાનનો જે ખર્ચ છે તે વકફે જદીદથી પૂર્ણ કરવામાં આવે જ્યારે કે તહેરીકે જદીદથી જે ખર્ચ કરવામાં આવે છે તે દુનિયાના દરેક દેશોમાં જ્યાં મરકઝથી મદદની જરૂર હોય કેમકે રકમ મરકઝમાં આવે છે ત્યાં એ ખર્ચ કરવામાં આવે છે.

વકફે જદીદની ઘણી બધી યોજનાઓ ગરીબ અથવા ગૈર તરક્કી યાફતા દેશોમાં કાર્ય કરી રહી છે. જાન્યુઆરીના પ્રથમ અને દ્વિતિય જુમ્મામાં વકફે જદીદના વર્ષનુ ઐલાન થાય છે માટે હું આજે વકફે જદીદ બાબતે વાત કરીશ. આ નવા વર્ષનું ઐલાન પણ કરીશ અને પાછલા વર્ષની રિપોર્ટ પણ પૈશ કરીશ જેવુ કે પંરપરા છે. અલ્લાહતઆલાના ફઝલથી વકફે જદીદનો ૫૮મો વર્ષ ૩૧ ડીસેમ્બર ઈ.સ. ૨૦૧૫ના રોજ પૂર્ણ થયો અને એ વર્ષ દરમ્યાન ખુદાતઆલાના ફઝલથી વકફે જદીદે જમાઅતના લોકોએ ૬૮,૫૧,૦૦૦ પાઉન્ડની માલી કુરબાની પેશ કરવાની તૌફિક મળી અને આ વસૂલી પાછલા વર્ષથી ૬,૮૨,૧૫૫ પાઉન્ડ અધિક છે તેમાંથી ત્રીજો ભાગ ગૈર તરક્કી યાફતા અથવા ગરીબ દેશોમાં ખર્ચ થાય છે. બીજા બે ભાગ તેમાંથી પણ અડધુ કાદીયાન અને ભારતની જમાઅતો માટે ખર્ચ કરવામાં આવે છે અને વધેલ અડધો ત્રીજો ભાગ પછી આફ્રિકા અને બીજા દેશોમાં ખર્ચ થાય છે. ભારતમાં અત્યાર સુધી આ વર્ષે ૧૯ મસ્જીદોનું નિર્માણ પૂર્ણ થયુ છે બે મસ્જીદોનું નિર્માણ ચાલુ છે ૨૩ મિશન હાઉસ બનાવ્યા, ચાર મિશન હાઉસનું કામ ચાલુ છે. તે સિવાય કાદીયાનમાં પણ જલસા સ્થાન અને બીજા પ્રોજેક્ટ જે છે તેનું નિર્માણ થયુ તેમા ખર્ચ થયો નેપાલ પણ ભારત સાથે છે ત્યાં પણ વકાલત તામીલ વ તનફીઝ કંટ્રોલ કરે છે અને ભૂટાનમાં પણ ત્યાથીજ થાય છે નેપાલમાં બે મસ્જીદો બની અને બે આરઝી શેડ બનાવાયા.

દરેક સ્થાને મસ્જીદો અને મિશન હાઉસ બનાવવા માટે ખાસ ધ્યાન અપાઈ રહ્યું છે ભારતમાં આ વર્ષે તરબીયતી કલાસોનું આયોજન થયું, રિફ્રેસર કોર્સ થયા તેમાં પણ ખર્ચ થયો અત્યારે ભારતમાં ૧૧૨૭ મોલ્લમીન કામ કરી રહ્યાં છે તેમના અલાઉન્સ, તેમની રિહાઈસ, તેમની મુસાફરીના ખર્ચ છે પછી આફ્રિકાના ૨૬ દેશોમાં અત્યારે ૧૨૮૭ મોલ્લમીન કામ કરી રહ્યાં છે ગ્રામ્ય વિસ્તારમાં મસ્જીદોની સાથે અમૂક સ્થાને મોલ્લમીનની રિહાઈસ માટે મકાન પણ બનાવ્યા પછી જ્યાં બનાવી નથી શકતા ત્યાં કેમકે જમાઅતોને કાયમ રાખવા માટે મોલ્લમીનને મોકલવામાં આવે છે મોલ્લમીનની સંખ્યા ઓછી છે વધારવાની જરૂર છે તો જ્યાં મકાન નથી ત્યાં ભાડે મકાન રાખવામાં આવે છે અત્યારે આફ્રિકામાં જ ૩૭૨ જમાઅતો એવી છે જ્યાં ભાડે મકાન લઈને મોલ્લમીનને રાખેલ છે આ વર્ષે આફ્રિકામાં ૧૩૦ મસ્જીદો પૂર્ણ થઈ છે અને ૪૭ મસ્જીદોનું કામ ચાલુ છે. યોજના અનુસાર આ વર્ષે ૯૫ મસ્જીદો બનાવવાની છે. પછી આફ્રિકાના ૧૮ દેશોમાં ૮૨ મિશન હાઉસનું નિર્માણ પૂર્ણ થઈ ચૂક્યુ છે ૧૩ દેશોમાં ૨૧ મિશન હાઉસનું કામ ચાલુ છે તે સિવાય પણ નિર્માણની યોજના છે. આફ્રિકામાં નવા અહેમદીઓની તરબીયત માટે તરબીયતી કલાસ અને રિફ્રેસર કોર્સ પણ થાય છે જે લગભગ ૨૧૫૬ સ્થાનોએ ૩૭૦૦૦ જેટલા તરબીયતી કલાસ અને રિફ્રેસર કોર્સ થયા અને તેમાં લગભગ ૧ લાખ નવા અહેમદીઓએ ભાગ લીધો. ૧૧૩૨ ઈમામોએ ટ્રેનિંગ લીધી. નવા અહેમદીઓની તાલીમ તથા તરબીયત માટે અને તેમને નિઝામે જમાઅતમાં કાર્યરત બનાવવા માટે અનેક દેશોમાં તેમની

તાલીમી તથા તરબીયતી કલાસ અને રિફ્રેસર કોર્સ જેવું કે મેં જણાવ્યું કે ઘણા બધા શિષ્ટ સ્વભાવ મસ્જીદોના ઈમામો પણ બૈઅત કરે છે. અને અહેમદીયતમાં સાંમેલ થાય છે તેમની પણ નવેસરથી તરબીયત કરવી પડે છે, વાસ્તવિક ઈસ્લામ વિશે જણાવવું પડે છે. તેમની કલાસ લગાવવી પડે છે. વક્ફે જદીદમાં સાંમેલ થનાર સદભાવકોની સંખ્યા ઈ.સ. ૨૦૧૦માં ૬ લાખ હતી અને હવે અલ્લાહતઆલાના ફઝલથી ૧૨ લાખથી અધિક થઈ ચૂકી છે પંરતુ હજુ પણ તેમાં સમાવવાની જરૂર છે અમુકના ઉદાહરણો આપની સમક્ષ મુકુ છુ.

તનઝાનિયાના એક મુબલ્લીગ લખે છે કે એક નવી અહેમદી સ્ત્રી જેમણે માત્ર એક મહિના પહેલાજ બૈઅત કરી તે એક ગામની રહેવાસી છે તેમને જ્યારે વક્ફે જદીદની બરકતો વિશે જણાવ્યું તો કહેવા લાગી કે અત્યારે મારી પાસે રકમતો નથી પરંતુ કેમકે ચંદો આપવાનો વર્ષ ખતમ થઈ રહ્યો છે હું ચંદાની બરકતથી વંચિત થવા નથી માંગતી થોડી રાહ જુઓ અને તે ઘરે ગઈ અને તે ઘરમાંથી ઈંડા લઈને કેમકે ઘરમાં ઈંડા હતા તે બજારમાં વેચ્યા અને બે હજાર શિલિંગ તેની કિંમત મળી ચંદા વક્ફે જદીદમાં આપી ગઈ. હવે આ એક મહિના પહેલા અહેમદી થઈ અને તેને આ અહેસાસ થયો કે ચંદો આપવો જરૂરી છે.

પછી ગેમ્બીયાથી અમીર સાહેબ લખે છે એક ગામના મિત્ર છે તે એક વર્ષ થી બીમાર હતા અને બીમારીના કારણે ચાલી-ફરી ન શકતા હતા ન કોઈ કામ કરી શકતા જેથી માલી હાલત પણ ખૂબ ખરાબ હતી પણ પાછલા વર્ષે જ્યારે વક્ફે જદીદની તહેરીક કરવામાં આવી તો તેમની પાસે પાંચ ડિલાસી હતા. જે તેમને કોઈએ સદકો આપ્યો હતો તે પાંચ ડિલાસી તેમણે વક્ફે જદીદમાં અદા કરી દીધા કહે છે કે અલ્લાહતઆલાનો એવો ફઝલ થયો જે વ્યકિત ચાલી ફરી ન શકતો હતો તેને કામમાં એવી બરકત આપી કે તેની પાસે જાનવરોનું એક ટોળું છે, ખેતી કરે છે તેમનું કહેવું છે કે અલ્લાહે એવો ફઝલ કર્યો કે મારી પાસે ખેતીનો પાક પણ સારો થવા લાગ્યો અને મારી પાસે ઘણા બધા જાનવારો છે આ બધું ચંદાની બરકત છે.

ફિનલેન્ડથી એક મિત્ર લખે છે કે પાછલા વર્ષમાં ૫૧૦ યુરોનો મારો વાયદો હતો અને આ વર્ષે ચાલો મારી પરિસ્થિતિ સારી નથી તો મે વાયદો ૧૦૦ યુરો કરી દીધો વધારે નથી આપી શકતો કહે છે કે અલ્લાહતઆલાએ મને એવો પકડ્યો કે એક દિવસ ઓચિંતી મારી ગાડી રોડ ઉપર ખરાબ થઈ ગઈ અને ઠીક કરાવવા જવુ પડ્યું અને જે બળ આવ્યું તે એટલુ જ હતુ જેટલું પહેલા તેમને વાયદો કર્યો હતો અર્થાત ૫૧૦ યુરો. તો તે ઘરે ગયા અને કહેવા લાગ્યા કે અલ્લાહતઆલાએ ખરેખર મને સબક આપ્યો છે પછી તરત જ તેમણે વક્ફે જદીદનો વાયદો પૂરો કર્યો અને ચંદો આપી દીધો.

સેરોલિયોનની એક સ્ત્રી પ્રાયમરી સ્કૂલની હેડ માસ્ટર છે કહે છે કે મિશનરી સાહેબે ચંદાની તહેરીક કરી મારી પાસે રકમ ન હતી પહેલા હું આપી ચૂકી હતી કહે છે મારો એક ભાઈ હતો જે ઈસાઈ થઈ ચૂક્યો હતો અને મારાથી નારાજ હતો કે તુ પણ ઈસાઈ થઈ જા અને છોડીને અમેરીકા ચાલ્યો ગયો કહે છે કે મુશ્કેલીથી ચંદો તો આપી દીધો પંરતુ પરિસ્થિતિ સારી ન હતી એક દિવસ તેનો ફોન આવ્યો અને તેને કહ્યું કે તુ ઠીક છે બેશક મુસ્લીમ રહો, અહેમદી રહો મને કોઈ વાંધો નથી પંરતુ મને તહેરીક થઈ છે કે હું તારી મદદ કરું માટે હું તને એક મોટી રકમ મોકલી રહ્યોં છું આમ તેણે રકમ મોકલી ભાઈ સાથે રાબ્તો પણ થઈ ગયો અને મુશ્કેલી પણ જતી રહી.

ભારતથી મુબલ્લીગ સાહેબ લખે છે કે કોયંબતૂરથી એક મિત્ર તેની પુત્રી માટે ઘરેણાં ખરીદવા ગયો ઘરેણાં પસંદ કરી

રહ્યા હતા કે જુમ્માનો સમય થઈ ગયો તેમણે દુકાનદારને કહ્યું કે અમે નમાઝ પઢીને આવીયે છીએ પછી ઘરેણાં લઈશુ ખુત્બા જુમ્મામાં મારા ખુત્બાનો સાંરાશ સંભળાવ્યું જેમાં તહેરીકે જદીદના નવા વર્ષનું ઐલાન હતુ ચંદા વિશે બ્યાન થયુ અને એક અંધ સ્ત્રીની માલી કુરબાનીનું વર્ણન થયું તેનું તે મિત્ર પર એવો અસર થયો કે તેમણે ચંદો વકફે જદીદ જે બાકી હતો તે નમાઝ પછી ઘરેણાં લીધા વગર વકફે જદીદનો ચંદો અદા કરી દીધો અને મસ્જીદમાંથી બહાર આવ્યા પછી પોતાની પત્નીને જણાવ્યું તો તે પણ ખુબ ખુશ થઈ અને કહેવા લાગી કે ખુત્બા દરમ્યાન મે પણ એજ ઈરાદો કર્યો હતો કે એ ચંદો આપી દઈએ અલ્લાહતઆલા અમારી પુત્રીના ઘરેણાં માટે કોઈ બીજી વ્યવસ્થા કરી દેશે.

ભારત સહારનપુરથી ઈન્સપેકટર વકફે જદીદ લખે છે કે યુ.પી.ના એક ગામમાં એક મિત્રના ઘરે ગયા વકફે જદીદની વસૂલી માટે તો તેમણે તેમની પત્નીને કહ્યું કે ઈદ આવી રહી છે મારી પાસે માત્ર ૨૦૦ રૂપિયા છે ચાહો તો ઈદના કપડા બનાવી લો અથવા ચંદો અદા કરી લો તો મે કહ્યું કે પહેલા ચંદો અદા કરીદો. કપડા તો પછી પણ બની જશે હજુ થોડાક મહિના જ ગુજર્યા હતા કે તેમના ઘરે ફરીથી ચંદો લેવા ગયો તો તેમનુ ઘર જોઈને ખુબ ખુશી થઈ તેમણે જણાવ્યું કે અમોએ જ્યારથી ચંદો અદા કર્યો છે ત્યારથી અમારી પાસે ખુબ કામ આવ્યું છે પહેલા તો હું લોકોના ખેતરોમાં બીજાનું ટ્રેકટર ચલાવતો હતો અને હવે અલ્લાહતઆલાએ એવો ફઝલ કર્યો કે મેં પોતે એક ટ્રેકટર ખરીદી લીધો છે અને કામમાં પણ બહુજ બરકત પડી છે.

ભારત ઓડીસા ત્યાથી એક વ્યકિતએ દેવામાં ડૂબેલ હતો માટે તેઓ લોકોથી છુંપતો રહેતો હતો અને પોતાનું વતન છોડીને હૈદરાબાદ ચાલ્યો ગયો. જ્યારે તેમના વિશે જાણકારી મળી તો રાબ્તો કર્યો અને મુરબ્બી સાહેબ અથવા ઈન્સપેકટ સાહેબે તેમને ચંદાની અહેમીયત બતાવી તેમણે પોતાનો ચંદા અદા કરી દીધો અને જમાઅત સાથે રાબ્તો પણ રાખ્યો ત્યારપછી તેઓ કહે છે કે અલ્લાહતઆલાએ એવી બરકત અતા કરી કે આવક આવતી શરૂ થઈ અને અલ્લાહતઆલાએ બધા દેવાઓ ઉતારી દીધા અને પોતાનું મકાન પણ ખરીદી લીધું. હવે તેમણે પોતાનો વાયદો તેનાથી ખુબ અધિક લખાવ્યો છે બંગાળ અને સિક્કીમના ઈન્સપેકટર સાહેબ લખે છે કે દાર્જીલીંગ જમાઅતના એક મિત્ર ૧૦ વર્ષ પહેલાં જમાઅતમાં સાંમેલ થયા હતા માલી કુરબાનીમાં હંમેશા આગળ રહેતા હતા. આ વર્ષે જ્યારે વકફે જદીદના બજેટ માટે તેમની પાસે ગયા તો તેમણે જણાવ્યું કે મારી માતાજીનું ઓપરેશન હતું જેમાં ૧ લાખ રૂપિયા ખર્ચ થઈ ગયા છે માટે ખૂબ તંગી છે. તેમણે પોતાનો ચંદો ૨૨૦૦૦ રૂપિયા ઓછુ કરીને ૧૭૦૦૦ રૂપિયા કરી દીધો પરંતુ જ્યારે વસૂલી કરવા ગયો તો ૨૨૦૦૦ રૂપિયા અદા કર્યા તેમણે જણાવ્યું કે મને ખ્યાલ આવ્યો કે હું કેમ એક નેકીને જ્યારે જારી કરી ચૂક્યો છુ તો તેમા કમી કરું તો આ રીતે પણ અલ્લાહતઆલા ઈમાનોમાં ઉન્નતિ કરે છે અને પોતે અહેસાસ પૈદા કરાવે છે કે તમે લોકો કુરબાનીઓ કરો જેથી અલ્લાહતઆલાના ફઝલોના અધિક વારસદાર બનો.

ત્યાર પછી હઝુર અનવરે આફ્રિકન દેશ બેનીન, ઓસ્ટ્રેલિયા, નારવે, કોંગો, જર્મનિ, કેનેડા, તનઝાનિયાના અમુક નેક સ્વાભાવ જમાઅતોના ઈમાન અફરોઝ ઘટનાઓ ચંદા વકફે જદીદના કારણે હાંસેલ થનાર બરકતોનું વર્ણન ફરમાવ્યુ. તેઓએ ફરમાવ્યું કે આંહઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે જો પવિત્ર કમાણીમાંથી એક ખજુરની ગુઠલી પણ આપે તો અલ્લાહતઆલા તેને પહાડ બનાવી દેશે પછી એ પણ ફરમાવ્યું કે એક નાનુ વાછડુ હોય છે અને તે પછી મોટો જાનવર બની

જાય છે તેવી જ રીતે પવિત્ર કમાણીમાંથી કરેલ કુરબાનીને અલ્લાહતઆલા વધારે છે આમ આ દ્રશ્યો અલ્લાહતઆલા આ યુગના હઝરત મસીહ મૌઉત (અ.સ.) ની જમાઅતના લોકોને દેખાડે છે.

ફરમાવ્યું કે હવે હું પાછલા વર્ષની રિપોર્ટ પૈશ કરુ છુ. પાકિસ્તાન પછી જે દેશો છે તેમાં આ વર્ષે પ્રથમ નંબરે બરતાનીયા છે. અને બીજા નંબરે અમેરિકા પછી જર્મની, કેનેડા, ભારત, ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, મિડલ ઈસ્ટ બેલ્જીયમ અને ઘાના છે સ્થાનિક કરંસીની વસૂલીમાં વૃધ્ધિ પ્રમાણે ઘાના પ્રથમ નંબર પર છે ત્યાર પછી અમેરિકા અને બરતાનીયા છે મોટી જમાઅતોમાં વ્યકિતગત અદાઈગી પ્રમાણે પ્રથમ મિડલ ઈસ્ટની જમાઅત છે પછી અમેરિકા પછી ફરીથી મિડલ ઈસ્ટની જમાઅત છે ચોથા નંબરે સુજીલેન્ડ પછી બરતાનીયા પછી ઓસ્ટ્રેલિયા પછી બેલ્જીયમ પછી બેલ્જીયમ પછી જર્મની અને દસમાં નંબરે કેનેડા છે. અલ્લાહતઆલાના ફઝલથી આ વર્ષે વકફે જદીદમાં સાંમેલ થવાની વૃધ્ધિ પ્રમાણે આફ્રિકાને છોડીને પ્રથમ નંબરે ભારત છે પછી કેનેડા, બરતાનીયા અને અમેરીકા જાહે છે પંરતુ સૌથી વધારે વૃધ્ધિ આફ્રિકાના દેશોમાં થઈ છે.

હું ઘણી વાર પહેલા પણ ધ્યાન અપાવી ચૂકચો છું કે દફતર અતફાલમાં જે રીતે કેનેડામાં કામ થઈ રહ્યું છે ઓર્ગેનાઈઝ થઈને બાકી દુનિયા જે મોટા દેશો છે તેમને પણ આ તરફ ધ્યાન આપવું જોઈએ અને કામ કરવું જોઈએ દફતર અતફાલ માત્ર વકફે જદીદમાં હોય છે તહેરીકે જદીદમાં નહી. સામુહિક વસુલી પ્રમાણે ભારતના રાજ્યો જે છે કેરલ પ્રથમ નંબરે, પછી તામિલનાડુ, જમ્મુ કાશમીર, તેલંગાના કર્ણાટક, પશ્ચિમ બંગાળ, ઓડીસા, પંજાબ, ઉત્તર પ્રદેશ, દિલ્લી, મહારાષ્ટ્ર. અને જમાઅતોની વસૂલી પ્રમાણે પ્રથમ નંબરે કેરોલાઈ, બીજા નંબરે કાલીકટ પછી હૈદરાબાદ, પેથ્થાપેરમ, કાદિયાન, કાનુરટાઉન, કલકત્તા, સોલોર, બેંગલોર, બંગારડી, અને પછી શ્રીનગર.

અલ્લાહતઆલા તમામ કુરબાની કરનારની ધન સંપત્તિ અને આત્મામાં ખૂબ બરકત નાંખે અને નવા વર્ષે અલ્લાહતઆલા પહેલાથી પણ વધારે કુરબાનીની તૌફિક આપે અને સંખ્યામાં પણ વધારો કરે. આમીન...

અંતમાં હઝુર અનવરે બે નમાઝે જનાઝા પઢાવવાનું ઐલાન ફરમાવ્યું.

************************************************************

Khulasa Khutba Jumma Huzoor Anwar 08th January 2016

BOOK POST (PRINTED MATTER)

To, ______________________________

______________________________

Ahmadiyya Muslim Community.
From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.